ક્રિ. ઈ. કેસ નં. ૧૩/૨૦૨૬

**આંક–૧ તળે હુકમ**

કેસનું રેકર્ડ વંચાણે લીધું. આ કામે આરોપી  સામે ફરીયાદીએ હાલની ફરીયાદ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ અન્વયે દાખલ કરવામાં આવેલ છે.આ કામના આરોપી અત્રેની કોર્ટની પ્રાદેશીક હકુમતની બહાર રહેતા હોય નામદાર સર્વોચ અદાલતના સુઓ.મોટો રીટ પીટીશન (ક્રીમીનલ નં. ૦૨/૨૦૨૨)માં આપેલ ડયરેકશન મુજબ સદર કામ ઈન્કવાયરી માટે રાખવામાં આવેલ,Indian Bank Association and others Versus Union of India (2014 AIR SC 2528) ના ચુકાદામાં  નામદાર સુપ્રીમ કોર્ટ ધ્વારા ઠરાવવામાં આવેલ ડાયરેકશન ધ્યાને રાખતાં ફરીયાદી ધ્વારા હાલની ફરીયાદ સાથે ફરીયાદીનું સોગંધ ઉપરનું વેરફીકેશન રજુ કરેલ હોય તથા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૪૫ (૧) અન્વયેનું ફરીયાદીનું સરતપાસનું સોગંધનામું પણ રજુ રાખવામાં આવેલ છે તથા અસલ દસ્તાવેજી પુરાવા પણ રજુ રાખવામાં આવેલ છે. તેમજ ના.સુપ્રિમકોર્ટએ સ્યુમોટો  Re: Expiditious Trial Of Cases Under Section 138 of N.I.Act 1881 ના ચુકાદામાં તથા ઉપરોકત ચુકાદામાં આ પ્રકારના કેસોમાં જે ઝડપી ન્યાયનો હેતું સિધ્ધ થાય તે સારૂ જે ગાઈડલાન્સ બહાર પાડવામાં આવેલ છે તે ધ્યાને લેતા તથા સદર એન.આઈ.એકટની કલમ–૧૩૮ ની જોગવાઈ ધ્યાને લેતા તેમજ સદર એન.આઈ.એકટના સ્પેશીયલ કાયદાની કલમ–૧૪૨ માં જે આ પ્રકારના કેસોમાં કોગ્નીજન્સ લેવાની જોગવાઈ કરવામાં આવેલ છે તે ધ્યાને લેતા પણ સદર ફરીયાદીની ફરીયાદ લેખીતમાં હોય તથા આ કામના આરોપીને સદર કાયદા મુજબ ચેંક પરત ફર્યા બાદ ચેંકના નાણાં ચુકવણી સારૂ ડીમાન્ડ નોટીસ કાયદેસરની મોકલવામાં આવેલ હોય અને તે નોટીસ તેઓને બજવા છતાં ત્યારબાદ ૧૫ દીવસમાં તેઓએ ચેંકના નાણાં ફરીયાદીને ચુકવી આપેલ ન હોય અને તેના એક માસમાં હાલની ફરીયાદ ના.કોર્ટમાં દાખલ કરવામાં આવેલ હોય ત્યારે સદર કામના આરોપીને પણ સદર કાયદા મુજબ કોગ્નીજન્સ લેતા પહેલા તેઓનો બચાવ કરવાની તથા નાણાં ચુકવણી કરવાની તક મળેલ હોય અને તે મુજબ આરોપીએ ફરીયાદીને ફરીયાદવાળા ચેંકના નાણાં નોટીસમાં જણાવેલ સમયમર્યાદામાં ચુકવી આપેલ ન હોય ત્યારબાદ જ ફરીયાદીએ હાલની ફરીયાદ ના.કોર્ટમાં દાખલ કરવી પડેલ હોય, ત્યારે નામ.ભારત સરકારે જે તા.૧/૦૭/૨૦૨૪ ના રોજ સી.આર.પી.સી.ના કાયદાની જગ્યાએ જે નવો

**CR.EN.13-2026**

એકટ ધી ભારતીય નાગરીક સુરક્ષા સહીતા એકટ–૨૦૨૩ નો લાગુ કરેલ છે, તે કાયદાની કલમ–૨૨૩ માં જે ખાનગી ફરીયાદો અંગે જોગવાઈ કરવામાં આવેલ છે તે ધ્યાને લેતા પણ સદર કેસ આરોપી સામે એન.આઈ.એકટની કલમ–૧૩૮ મુજબનો દાખલ કરેલ છે, ત્યારે સ્પેશીયલ એકટની જોગવાઈ ધ્યાને લેતા તથા ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદીએ ફરીયાદ સાથે સરતપાસનું સોગંધનામું પણ સદર કાયદાની કલમ–૧૪૫ અન્વયે સામેલ રાખેલ હોય ત્યારે આ સ્પેશીયલ એકટના કાયદામાં જે કોગ્નીજન્સ લેવા અંગે જોગવાઈ કરવામાં આવેલ છે, તે મુજબ આરોપીને હાલની ફરીયાદ દાખલ કરતા અગાઉ સદર કાયદા મુજબ ડીમાન્ડ નોટીસ બજવા છતાં પણ તેઓએ નોટીસમાં જણાવ્યા મુજબનું વર્તન કરેલ ન હોય ત્યારે સદર કાયદા મુજબ આરોપીને સદર કેસ દાખલ કરતા અગાઉ સાંભળવાની તક મળેલ જ હોય અને રેકર્ડમાં ફરીયાદીએ તેઓની ફરીયાદના સમર્થનમાં જે દસ્તાવેજી આધારો રજુ રાખેલ છે તે ધ્યાને લેતા પણ આરોપી વિરુધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રમેન્ટ એકટની કલમ–૧ ૩૮ અન્વયે પ્રથમ દર્શનીય રીતે ગુન્હો બનતો હોવાનું જણાઈ આવતું હોઈ ત્યારે કાયદાની ઉપરોકત જોગવાઈઓ ધ્યાને લેતા તથા ના. ઉપરી અદાલતોએ જે ઉપરોકત ચુકાદાઓમાં આ પ્રકારના કેસોમાં લોકોને ઝડપી ન્યાય મળી રહે તથા સદર કાયદાનો ન્યાયનો હેતું ઝડપથી સિધ્ધ થાય તે સારૂ જે સિંધ્ધાંતો પ્રસ્થાપિંત કરેલ છે, તે તમામ પરીબળો ધ્યાને લેતા સદર આરોપી સામે કોગ્નીજન્સ લેતા પહેલા તેઓને આ તબકકે સદર કેસમાં સાંભળવા ન્યાયીક જણાતું ન હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે .

## હુકમ

ફરીયાદીની હાલની ફરીયાદ **ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮** ના ગુના સબબ ફોજદારી કેસ રજીસ્ટ્રરે લેવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપી ઉપર ધી.નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ ૧૩૮ અન્વયે **મુદત તા.૧૭/૦૭/૨૦૨૬** ના રોજ નો સમંન્સ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

Date :17/ 06/2026

(વી.એસ.પટેલ)
એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
કેશોદ.